### વલસાડમાં તંત્રની બેદરકારીથી કરોડોની મિલકત એક વર્ષથી ધૂળ ખાઈ રહ્યું છે

# ૧૮ કરોડનો સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ 'ખંડેર'

**એક** વર્ષથી લોકાર્પણ જ કરાયું નથી, રમતગમતના સાધનો પણ વસાવાયા નથી

**પરિસર** પાસે ઝાડી-ઝાંખરાનો કબજો, ચોમાસામાં પાણી ભરાવાથી મિલકતને નુકસાન



વલસાડઃ વલસાડ જિલ્લાના ગ્રામીણ અને આદિવાસી વિસ્તારના યુવા ખેલાડીઓ રમતગમત ક્ષેત્રે આગળ વધે અને તેમને રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરનું પ્લેટફોર્મ મળી રહે તેવા ઉમદા હેતુથી વલસાડ તાલુકાના નવેરા ગામ ખાતે રૂ. ૧૮ કરોડના માતબર ખર્ચે જિલ્લા કક્ષાનું અત્યાધુનિક સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ તૈયાર કરવામાં આવ્યું છે. પરંતુ સરકારી તંત્રની ઢીલી નીતિ અને યોગ્ય આયોજનના અભાવે છેલ્લા એક વર્ષથી આ કોમ્પ્લેક્સ માત્ર ધૂળ ખાતું બનીને રહી ગયું છે.

વલસાડ તાલુકાના નવેરામાં બનેલા આ વિશાળ સંકુલમાં બેડમિન્ટન કોર્ટ, ટેનિસ કોર્ટ, બાસ્કેટ બોલ, શૂટિંગ રેન્જ, અદ્યતન જિમ અને ટેબલ ટેનિસ સહિતની ઈન્ડોર તેમજ આઉટડોર રમતોની અત્યાધુનિક સુવિધાઓ ઊભી કરવામાં આવી છે. જોકે, આશ્ચર્યની વાત એ છે કે ૧૮ કરોડ રૂપિયાનો જંગી ખર્ચ કર્યા પછી પણ સંકુલની અંદર રમતગમતના જરૂરી સાધનો વસાવવામાં જ આવ્યા નથી. લાંબા સમયથી બંધ રહેવાના કારણે પરિસરમાં આસપાસ ઝાડી-ઝાંખરા અને ઝાડ-પાન ઊગી નીકળ્યા છે. એટલું જ નહીં, ચોમાસામાં પાણી ભરાવાના કારણે આ કરોડો રૂપિયાની સરકારી મિલકતને નુકસાન પહોંચ્યું છે અને આખું સંકુલ ધીમે ધીમે ખંડેરમાં ફેરવાઈ રહ્યું છે.

### રાજકીય માઈલેજ માટે ૨૦૨૭ની ચૂંટણીની રાહ જોવાઈ છે?

આ સમગ્ર મામલે હવે સ્થાનિકો અને વિપક્ષમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકો આરોપ લગાવી રહ્યા છે કે પ્રજાના ટેક્સના પૈસાનો વેડફાટ કરવામાં આવ્યો છે. તંત્ર કદાચ ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી નજીક આવે ત્યારે રાજકીય માઇલેજ લેવા માટે આ સંકુલના લોકાર્પણની રાહ જોઈ રહ્યું છે. આ અંગે જ્યારે જિલ્લા રમતગમત અધિકારીનો સંપર્ક કરાયો ત્યારે તેમણે કેમેરા સામે કશું પણ બોલવાનો ઇનકાર કરી ચુપકીદી સેવી લીધી હતી. હાલ તો સ્થાનિક આદિવાસી યુવાનો અને યુથ કોંગ્રેસ દ્વારા ચીમકી આપવામાં આવી છે કે, જો તાત્કાલિક રસ્તાની સુવિધા ઊભી કરી આ કોમ્પ્લેક્સ ખેલાડીઓ માટે ખુલ્લું નહીં મુકાય, તો જવાબદાર અધિકારીઓની કચેરીનો ઘેરાવ કરી ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

### બિસમાર રસ્તો અને પહોંચવા માટે ટ્રાન્સપોર્ટેશનની સુવિધા જ નથી



આ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સની સૌથી મોટી ખામી એ છે કે તે છેવાડાના વિસ્તારમાં ઊભું કરી દેવાયું છે, પરંતુ ત્યાં સુધી પહોંચવા માટેનો રસ્તો અત્યંત કાચો અને બિસમાર છે. ટ્રાન્સપોર્ટેશન કે એસ.ટી. બસની કોઈ સુવિધા ન હોવાથી ધરમપુર, કપરાડા, નાનાપોંઢા અને ઉમરગામ જેવા સરહદી અને આદિવાસી વિસ્તારોના ખેલાડીઓ માટે અહીં પહોંચવું અશક્ય બની ગયું છે. આ વિસ્તારના અનેક યુવાનો રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે ચમકી ચૂક્યા છે, છતાં તેઓ આ સુવિધાથી વંચિત છે. તંત્રની નાકામીનો પુરાવો એ છે કે, તાજેતરમાં યોજાયેલો 'ખેલ મહાકુંભ' આ અદ્યતન કોમ્પ્લેક્સના બદલે ધરમપુરની એક નાની અને સાંકડી શાળામાં યોજવાની ફરજ પડી હતી.

# સરૈયા ગામમાં ધોળા દિવસે લટાર મારતો દીપડો

**ચીખલી** તાલુકામાં દીપડાનો આતંક, બારોલિયામાં એક દીપડી પાંજરે પુરાઈ



ધર્મેશ પટેલ

ઘેજ : ચીખલી તાલુકામાં દીપડાની અવરજવરને પગલે ગ્રામ્ય વિસ્તારોમાં ભય અને ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. સરૈયા ગામે ધોળા દિવસે દીપડો રસ્તો ઓળંગતો જોવા મળતાં વાહનચાલકોમાં ફફડાટ ફેલાયો હતો. બીજી તરફ બારોલીયા ગામના માકડીયા ફળિયામાં બે દીપડા દેખાયા બાદ વન વિભાગ દ્વારા ગોઠવવામાં આવેલા પાંજરામાં એક દીપડી ઝડપાઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ચીખલી તાલુકાના બારોલીયા ગામના માકડીયા ફળિયામાં રહેતા યાતીન સલીમભાઈ સીદાતના ઘરની પાછળ ૧૬-ઓક્ટોબરના રોજ બે દીપડા આવી ચઢ્યા હતા. આ અંગે ચીખલી વન વિભાગને જાણ કરવામાં આવતાં વન વિભાગની ટીમે સ્થળ પર પહોંચી જરૂરી સર્વે કરી પાંજરું ગોઠવતા બુધવારે વહેલી સવારે ચારથી પાંચ વાગ્યાની આસપાસ અંદાજે ત્રણ વર્ષની એક દીપડી પાંજરે પુરાતા દીપડીને વેટરનરી તબીબ પાસે જરૂરી તપાસ કરાવી સલામત સ્થળે છોડવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી.

બીજી તરફ ચીખલી તાલુકાના સરૈયા ગામે દિવસના અજવાળામાં દીપડો બિન્દાસ રીતે રસ્તો ઓળંગતો જોવા મળતા આ સમયે રસ્તા પરથી પસાર થતી કારમાં બેઠેલા એક વ્યક્તિએ પોતાના મોબાઇલમાં દીપડાની અવર-જવરનો વીડિયો કેરામાં કેદ કર્યો હતો. સરૈયા વિસ્તારમાં છેલ્લા છ દિવસથી દીપડો દેખાતા ગ્રામજનો તેમજ વાહનચાલકોમાં ભય જોવા મળી રહ્યો છે. ખાસ કરીને રાત્રિના સમયે ખેતરમાં પાણી મુકવા જતા તેમજ કામકાજ અર્થે ઘરની બહાર નીકળતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

# લેખિત બાંહેધરી બાદ સબ રજિસ્ટ્રાર કર્મચારી મંડળનું આંદોલન મોકૂફ

**દિવાળીના** તહેવારોમાં નાગરિકોને હાલાકી ન પડે તે માટે પ્રજાહિતમાં નિર્ણય

નવસારી : નવસારી સહિત રાજ્યભરની સબ રજિસ્ટ્રાર કચેરીઓના કર્મચારીઓના પડતર પ્રશ્નોના નિરાકરણ માટે જાહેર કરાયેલા આંદોલનાત્મક કાર્યક્રમો હાલ પૂરતા મોકૂફ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.'ધી ગુજરાત રાજ્ય રજિસ્ટ્રેશન ડિપાર્ટમેન્ટ કર્મચારી મંડળ' અને IGR કચેરી વચ્ચે યોજાયેલી બેઠકમાં આ નિર્ણય લેવાયો છે.

તા. ૧૩ અને ૧૪ ઓક્ટોબરના રોજ IGR રાજેશ માંજુ (IAS) અને મંડળના હોદ્દેદારો વચ્ચે બેઠક યોજાઈ હતી. ત્યારબાદ વડી કચેરી દ્વારા પડતર પ્રશ્નો ઉકેલવાની લેખિત બાંહેધરી આપવામાં આવતા મંડળ દ્વારા સૂચવાયેલા સુધારાઓ અંગે હકારાત્મક વિચારણા કરવાની ખાતરી અપાઈ છે. હાલ દિવાળીના તહેવારો દરમિયાન દસ્તાવેજ નોંધણીની કામગીરીમાં ધસારો હોવાથી કચેરીઓમાં વેઇટિંગ ચાલી રહ્યું છે. આવી સ્થિતિમાં હડતાળને કારણે સામાન્ય નાગરિકો અને બિલ્ડરોને મુશ્કેલી ન પડે તેવા પ્રજાલક્ષી અભિગમ સાથે આંદોલન મોકૂફ રાખવામાં આવ્યું છે.

જોકે, તંત્ર દ્વારા આપવામાં આવેલી સમયમર્યાદામાં પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે તો ભવિષ્યમાં ફરી આંદોલન કરવાનો વિકલ્પ ખુલ્લો રાખવામાં આવ્યો હોવાનું મંડળે જણાવ્યું છે.

# હૃદયરોગના હુમલાથી નવસારી ફાયર વિભાગના કર્મચારીનું અવસાન

**અગાઉ** માર્ગ અકસ્માતમાં ફાયર વિભાગના જવાનનું મોત નિપજ્યું હતુ, ફાયર બેડામાં શોકની લહેર



નવસારી : નવસારી ફાયર વિભાગમાં છેલ્લા ૧૦ દિવસમાં બે જવાનોના મૃત્યુની દુઃખદ ઘટનાઓ સામે આવતાં ફાયર બેડામાં શોકનું મોજું ફરી વળ્યું છે. હજુ એક જવાનના માર્ગ અકસ્માતમાં થયેલા મૃત્યુની કરુણ ઘટના તાજી હતી, ત્યાં જ ૨૫ વર્ષીય યુવાન જવાન મોનીલ પટેલના અચાનક નિધનના સમાચારથી સાથી કર્મચારીઓ સ્તબ્ધ થઈ ગયા છે. નાની ઉંમરે જીવનનો અંત આવતાં પરિવારજનો સહિત સમગ્ર કર્મચારી વર્તુળમાં શોકની લાગણી પ્રસરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, વલસાડ નજીક ડુંગરી વિસ્તારના ગામના વતની મોનીલ પટેલ નવસારી ફાયર વિભાગમાં એજન્સી મારફતે ફરજ બજાવતા હતા. તેઓ છેલ્લા આશરે એક વર્ષથી વિભાગમાં કાર્યરત હતા અને રોજિંદી અવરજવર કરીને પોતાની ફરજ નિભાવતા હતા. જોકે, અચાનક તબિયત લથડતાં તેમનું જીવન ટૂંકાઈ ગયું હતું.

## સંક્ષિપ્ત સમાચાર

### ડુંગરી રેલવે ઓવરબ્રિજ પર વધતા અકસ્માતો અટકાવવા સીડીનું નિર્માણ



વલસાડ : ડુંગરી રેલવે ઓવરબ્રિજ પર અવારનવાર સર્જાતા ગંભીર અકસ્માતોની ઘટનાઓને ગંભીરતાથી લઈને સાંસદ ધવલ પટેલ દ્વારા રેલવે ઓવરબ્રિજ પર સીડી બનાવવાનો આદેશ આપવામાં આવ્યો હતો. સાંસદની સૂચના અને સક્રિય પ્રયાસોથી તૈયાર કરાયેલી સીડી જનતા માટે ખુલ્લી મૂકવામાં આવી છે. આ નર્મ નિર્માણના કારણે રાહદારીઓ અને સ્થાનિક રહીશોને હવે રેલવે ઓવરબ્રિજ ક્રોસ કરવામાં મોટી રાહત મળશે, જેને લઈને સમગ્ર વિસ્તારના લોકોમાં ભારે ખુશીની લહેર ફેલાઈ ગઈ છે અને તેમણે સાંસદનો આભાર વ્યક્ત કર્યો છે.

### સાપુતારામાં યોજાયેલી રાજ્યકક્ષાની સ્પર્ધામાં ડાંગની દીકરીઓએ જિલ્લાનું ગૌરવ વધાર્યું



ગિરીશ ભોયે

સાપુતારા : ૭૦મી અખિલ ભારતીય શાળાકીય હોકી સ્પર્ધા અંતર્ગત સાપુતારા ખાતે આયોજિત રાજ્યકક્ષાની હોકી ટુર્નામેન્ટમાં ડાંગ જિલ્લાની અંડર-૧૯ બહેનોની ટીમે શ્રેષ્ઠ રમતનું પ્રદર્શન કરી પ્રથમ સ્થાન સાથે ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો છે. સમગ્ર સ્પર્ધા દરમિયાન ડાંગની ટીમે અદભુત સંકલન અને ખેલદિલીથી ફાઇનલમાં વિજય મેળવી ચેમ્પિયનશીપ હાંસલ કરી હતી. દીકરીઓની આ ઐતિહાસિક સિદ્ધિ બદલ ડાંગ જિલ્લા રમત વિકાસ અધિકારી અલ્કેશભાઈ પટેલે વિજેતા ખેલાડીઓ, કોચ અને સમગ્ર સપોર્ટ સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા. સાથે ટીમના પ્રેરણાસ્ત્રોત અને માર્ગદર્શક પરમ પૂજ્ય પી.પી. સ્વામીજીએ પણ ખેલાડીઓને આશીર્વાદ અને પ્રોત્સાહન આપ્યું હતુ.

### ફડવેલ સેવા સહકારી મંડળીના ચેરમેન નટુભાઈ આહિર ત્રીજીવાર બિનહરીફ

ઘેજ : ફડવેલ ગ્રુપ વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી લિ.ની વાર્ષિક સાધારણ સભા હર્ષદભાઈ હરીભાઈ પટેલ સીયાદાના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. આ સભામાં નિયત એજન્ડા મુજબના તમામ કામો સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા. સભા દરમિયાન આગામી પાંચ વર્ષની મુદત માટે નવી વ્યવસ્થાપક કમિટીની રચના કરવામાં આવતા જેમાં વ્યવસ્થાપક કમિટીના સભ્યોના નામોની દરખાસ્ત મહેશભાઇ રઘુભાઇ પટેલે કરી હતી. જેને યોગેશભાઇ ધીરુભાઇ પટેલે ટેકો જાહેર કરતા ફડવેલ ગામના પ્રતિનિધિઓમાં નટુભાઈ કીકાભાઇ આહિર, ભીખુભાઈ વશનભાઈ પટેલ, સુમનભાઈ કાનજીભાઈ પટેલ, ભુલાભાઈ ગોવનભાઈ પટેલ, ચંદુભાઈ ખાલપાભાઈ પટેલ, ચીમનભાઈ બાબુભાઈ પટેલ, નટુભાઈ ગુલાબભાઈ પટેલ, ભગુભાઈ પ્રેમાભાઈ પટેલ, કમલેશભાઈ ભીખુભાઈ પટેલ, મંગુભાઈ પરભુભાઈ પટેલ, હર્ષદભાઇ નરસિંહભાઇ પટેલ સિવાય અન્ય કોઈ દરખાસ્ત રજૂ ન થતાં તમામ ૧૧ સભ્યોની વ્યવસ્થાપક કમિટીમાં બિનહરીફ વરણી કરવામાં આવતા ઉપસ્થિત તમામ સભાસદોએ વધાવી લીધી હતી. સાધારણ સભા બાદ નવનિયુક્ત વ્યવસ્થાપક કમિટીની પ્રથમ બેઠક યોજાતા સર્વસંમતિથી મંડળીના ચેરમેન પદે નટુભાઈ કીકાભાઈ આહિરની પસંદગી કરવામાં આવી હતી. નટુભાઈ આહિર અગાઉ બે ટર્મ સુધી ચેરમેન તરીકે જવાબદારી સંભાળી ચૂક્યા છે. જ્યારે ફરી નટુભાઈ આહિર પુનઃ ચેરમેન તરીકે ચૂંટાતા ગુજરાત પ્રદેશ ભાજપ કિસાન મોરચાના મંત્રી આનંદ દેસાઈ તેમજ અગ્રણી અમરત પટેલે તેમને શુભકામનાઓ પાઠવી હતી. સભાના અંતે મંડળીના ઉત્તરોત્તર વિકાસનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### વંકાલના અદ્વૈત પટેલે રાજ્ય સ્તરીય સ્કેટિંગ ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ મેળવ્યો



ધર્મેશ પટેલ

ઘેજ : વંકાલ ગામના પાંચ વર્ષીય અદ્વૈત પટેલે રાજ્ય સ્તરે સ્કેટિંગ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને સિલ્વર મેડલ મેળવ્યો છે. અમદાવાદની ડીપીએસ સ્કૂલ ખાતે યોજાયેલી ૪૬ મી ગુજરાત રાજ્ય રોલર સ્કેટિંગ ચેમ્પિયનશિપ-૨૦૨૬ માં અદ્વૈતે છ વર્ષના વયજૂથની ઇનલાઇન સ્કેટિંગ સ્પર્ધામાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરીને શાળા અને ગામનું નામ રોશન કર્યું છે. વંકાલ ગામનો અદ્વૈત પટેલ વલોટીની શ્રીજી ઈંગ્લિશ મિડિયમ સ્કૂલમાં અભ્યાસ કરે છે. સ્પર્ધામાં અન્ય સ્પર્ધકો સાથે રસાકસીભર્યા મુકાબલા બાદ અદ્વૈતે બીજું સ્થાન હાંસલ કરીને સિલ્વર મેડલ પોતાના નામે કર્યો હતો. આ સફળતા પાછળ તેની મહેનત, કોચ બાદલ ટંડેલનું માર્ગદર્શન અને માતા-પિતા દ્વારા મળેલું પ્રોત્સાહન મહત્ત્વપૂર્ણ રહ્યું છે. તેની સફળતા બદલ શાળા સંચાલક મંડળ, શિક્ષકો, ગ્રામજનો અને સ્થાનિકઓએ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. આગામી સમયમાં અદ્વૈત રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાઓમાં પણ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને ગુજરાતનું નામ રોશન કરે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### વાપીમાં દોડતી કારમાં આગ ભભૂકી



વાપી : વાપીના ગૌરવ પથ ઉપર સોનોરસ પાસે બુધવારે રાત્રે રસ્તા ઉપર ચાલતી મારુતિ કારમાં આગ લાગી હતી. આગ લાગવાનું કારણ જાણી શકાયું ન હતું. જોકે આગ લાગવાના કારણે કોઈ જાનહાનિ થઈ નથી. કારમાં આગ લાગતા લોકોની ભીડ ભેગી થઈ ગઈ હતી.

# ભીલાડમાં વિદ્યાર્થી સાથે રૂપિયા 1.46 લાખની સાઈબર ઠગાઈ

**ટ્રેડિંગ** માર્કેટમાં ઇન્વેસ્ટ કરવાનું જણાવી ક્યુઆર કોર્ડ મોકલી પૈસા પડાવી છેતરપિંડી કરી

ઉમરગામ : ભીલાડમાં એક વિદ્યાર્થી સાથે રૂપિયા 1.46 લાખનો સાઈબર ફ્રોડનો બનાવ બન્યો છે. ટ્રેડિંગ માર્કેટમાં ઈન્વેસ્ટ કરવાનું જણાવી ક્યુઆર કોર્ડ મોકલી પૈસા પડાવી છેતરપિંડી કરવામાં આવી હતી.

પોલીસ સુત્રો પાસેથી મળતી જાણકારી મુજબ ફરિયાદી હરિઓમ ચંદ્રિકા યાદવ (ઉ.વ 20) વાપી કોલેજમાં બીકોમનો અભ્યાસ કરે છે. તારીખ 6 ઓક્ટોબર 2026 ના રોજ તેના મોબાઈલ ઉપર whatsapp કોલ આવ્યો હતો અને હું ગૌતમ ઝા બોલું છું તમારે ટ્રેડિંગ માર્કેટમાં 5 હજાર ઈન્વેસ્ટ કરશો તો 25,000 મળશે તેમ કહી વિશ્વાસમાં લઈ ક્યુઆર કોડ મોકલી ફોન પે તથા ગુગલ પે મારફતે અલગ અલગ રકમ કુલ રૂપિયા 1,46,702 ટ્રાન્સફર કરાવી લઈ તહોમતદાર કોઈ અજાણ્યા શખ્સોએ છેતરપિંડી સાયબર ફ્રોડ કર્યો હતો. આ બનાવની ભીલાડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### વશિયાર ત્રણ રસ્તા પાસે કાર-છોટા હાથી વચ્ચે અકસ્માત

વલસાડ : વલસાડના અતુલ રોડ પર આવેલા વશિયાર ત્રણ રસ્તા પાસે કાર GJ 15 CB 0808 અને આઈસ્ક્રીમનો ધંધો કરતા વેપારીના છોટા હાથી ટેમ્પો વચ્ચે ટક્કર થઈ હતી. આ અકસ્માતમાં કાર અને છોટા હાથી ટેમ્પોને નુકસાન પહોંચ્યું હતું. ઘટનાના પગલે અતુલ રોડ પર વાહનોની લાંબી લાઈનો લાગી ગઈ હતી અને રોડ પર ભારે ટ્રાફિકજામની સ્થિતિ સર્જાઈ હતી, જેના કારણે વાહનચાલકોને મુશ્કેલી વેઠવી પડી હતી.

### તાલુકાની ૬૫ પૈકી ૫૪ ગ્રામ પંચાયતોમાં ડિસેમ્બરમાં યોજાનારી ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે

# ગણદેવીના વાઘરેચમાં છ દાયકાથી પ્રથમ મહિલા સરપંચની પ્રતિક્ષા

**સ્થાનિક** સ્વરાજ્યની ચૂંટણીમાં ૫૦ ટકા અનામત હોવા છતાં વાઘરેચ પંચાયતમાં આજદિન સુધી માત્ર પુરુષોનું જ વર્ચસ્વ

**બીલીમોરાના** વાઘરેચ ગામે ૬ દાયકાથી પુરુષોનું જ વર્ચસ્વ



કેરસી બારીયા

બીલીમોરા : ગણદેવી તાલુકાની ૬૫ ગ્રામ પંચાયતો પૈકી ૫૪ ગ્રામ પંચાયતોમાં ડિસેમ્બરમાં યોજાનારી ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે. ચૂંટણીને લઈને સરપંચ અને વોર્ડ સભ્યોની અનામત બેઠકોની કેટેગરી જાહેર થવાની ચૂંટણીવાંચ્છુઓ રાહ જોઈ રહ્યા છે. ત્યારે બીલીમોરા નજીક વાઘરેચ ગામની ગ્રામ પંચાયતને પ્રથમ મહિલા સરપંચ ક્યારે મળશે તેવો સવાલ ઊઠ્યો છે. વીતેલા છ દાયકાના ઉપલબ્ધ સરપંચપદના ઈતિહાસમાં એક પણ મહિલા સરપંચ ન બનતા આ વખતે મહિલા અનામતનો લાભ મળશે કે કેમ તે અંગે ગામમાં તેમજ રાજકીય વર્તુળોમાં ચર્ચા જાગી છે.

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં મહિલાઓને ૫૦ ટકા અનામતની જોગવાઈ હોવા છતાં વાઘરેચ પંચાયતના સરપંચપદે આજદિન સુધી મહિલાને તક મળી નથી. હવે આગામી ચૂંટણી માટે અનામતની કેટેગરી નક્કી થવાની પ્રક્રિયા તરફ સૌની નજર મંડાઈ છે. સરપંચપદની અનામત ફાળવણીમાં વાઘરેચને મહિલા અનામત મળશે કે નહીં તે તો સત્તાવાર જાહેરાત બાદ જ સ્પષ્ટ થશે, પરંતુ સતત પુરુષ સરપંચોનું વર્ચસ્વ ધરાવતી આ ગ્રામ પંચાયતમાં મહિલા નેતૃત્વનો માર્ગ ક્યારે ખુલશે તેવો પ્રશ્ન સ્થાનિક સ્તરે ચર્ચાઈ રહ્યો છે. વાઘરેચના ઈતિહાસ મુજબ વર્ષ ૧૯૬૬થી ૧૯૭૫ દરમિયાન રમણ ટંડેલ, વર્ષ ૧૯૭૬થી ૧૯૯૧ દરમિયાન મનુભાઈ પટેલ, વર્ષ ૧૯૯૨થી ૧૯૯૬ દરમિયાન ગીરીશ ટંડેલ, વર્ષ ૧૯૯૭થી ૨૦૧૧ દરમિયાન મનહર ટંડેલ, વર્ષ ૨૦૧૨થી ૨૦૧૬ દરમિયાન શાંતિલાલ પટેલ અને વર્ષ ૨૦૧૭થી ૨૦૨૧ દરમિયાન ફરી મનહર ટંડેલે સરપંચપદ સંભાળ્યું હતું. જ્યારે વર્ષ ૨૦૨૨થી ૨૦૨૬ના વર્તમાન કાર્યકાળમાં સુજીત પટેલ સરપંચ તરીકે કાર્યરત છે.

આમ, ઉપલબ્ધ વિગતો પ્રમાણે અત્યાર સુધી વાઘરેચ ગ્રામ પંચાયતને મહિલા સરપંચ મળ્યાં નથી. હવે આવનારી ચૂંટણીમાં અનામતની ફાળવણી શું વળાંક લાવે છે તે જોવું રહ્યું.

### ગ્રામ પંચાયતની ચૂંટણી સત્તા પરિવર્તનનો અવસર નથી

ગ્રામ પંચાયતની ચૂંટણી માત્ર સત્તા પરિવર્તનનો અવસર નથી, પરંતુ ગામના દરેક વર્ગને લોકશાહીમાં યોગ્ય પ્રતિનિધિત્વ મળે તેની પણ કસોટી છે. વાઘરેચમાં મહિલા સરપંચપદ અંગે ઊઠેલી ચર્ચા વચ્ચે અનામતની કેટેગરી નક્કી કરવાની પ્રક્રિયા પારદર્શક રીતે અને પ્રવર્તમાન નિયમો અનુસાર હાથ ધરાય તથા તેની સત્તાવાર માહિતી સમયસર જાહેર થાય તેવી અપેક્ષા વ્યક્ત થઈ રહી છે. ચૂંટણીમાં વાઘરેચ ગ્રામ પંચાયતને પ્રથમ મહિલા સરપંચ મળશે કે પછી મહિલા નેતૃત્વની પ્રતીક્ષા વધુ લંબાશે? આ પ્રશ્નનો જવાબ અનામત બેઠકોની સત્તાવાર ફાળવણી સાથે જ મળશે.


